## :- અધિસૂચન :-

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ – ૧૯૭૬
ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો:- ૧૯૭૯.
જુઓ નિયમ-૨૬ (૧) અને ૨૬(૭)

મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં. ૧૭ (ફુલપાડા) અને
નગર રચના યોજના સુરત નં. ૧૮ ( કતારગામ )

આથી તમામ હિત ધરાવતી અને સંબંધિત વ્યક્તિઓને હું નીચે સહી કરનાર શ્રી ગુલાબભાઈ લલ્લુભાઈ પટેલ, નગર રચના અધિકારી જાણ કરું છું કે, ગુજરાત સરકારશ્રીના તારીખ ૨૨-૧૦-૧૯૯૨ ના સાધારણ રાજ્ય પત્ર ના ભાગ-૪-બ ના પૃષ્ઠ નંબર ૧૭૨ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવેલ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તારીખ ૩૦-૯-૯૨ ના જાહેરનામાં ક્રમાંક: જીએચવી/૧૯૯૨ નો ૨૧૬/ટીપીવી/૧૦૯૨-૫૪-વ થી મારી નિમણુંક મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં. ૧૭ (ફુલપાડા) અને મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં. ૧૮ (કતારગામ) ને અંતિમ કરવા માટે નગર રચના અધિકારી તરીકે કરી છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ ના નિયમ-૨૬ ના પેટા નિયમ (૧) થી ઠરાવ્યા મુજબ આ અધિસૂચનાથી જાહેર કરું છું કે મેં આજ રોજ તા.૨૬-૧૧-૯૨ ના ગુરુવાર ના રોજ ઉપરોક્ત બંને નગર રચના યોજનાઓ માટે નગર રચના અધિકારી તરીકેની મારી ફરજો સંભાળી લીધી છે.

યોજના વિસ્તારની વિગત.

હદ નિશાન.

(૧) મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં. ૧૭ (ફુલપાડા).

ઉત્તરે :- મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં. ૧૫ (ફુલપાડા) ની હદ.
દક્ષિણે:- આખરી નગર રચના યોજના સુરત નં.૩ (કતારગામ) ની હદ.
પૂર્વે :- મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં.૧૬ ( કપાદરા)ની હદ.
પશ્ચિમે :- નગર રચના યોજના સુરત નં.૪ (અશ્વનીકુમાર-નવાગામ)ની હદ.

(૨) મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં.૧૮ (કતારગામ).

ઉત્તરે :- સીંગણપોર-કતારગામ રોડ અને કતારગામનો બાકીનો વિસ્તાર.
દક્ષિણે:- આખરી નગર રચના યોજના સુરત નં.૩ (કતારગામ) ની હદ.
પૂર્વે :- આખરી નગર રચના યોજના સુરત નં.૩ (કતારગામ) ની હદ.
પશ્ચિમે :- મોજે ઢુંઢી ગામની હદ.

ઉપરોક્ત યોજના નં.૧૭ (ફુલપાડા) માં મોજે ફુલપાડાના રે.સ.નં.૭૭ થી ૯૫, ૯૯ થી ૧૦૧ અને ૧૦૯ થી ૧૨૧ તથા યોજના નં.૧૮ (કતારગામ) માં મોજે: કતારગામના રે.સ.નં. ૪૫૮ થી ૪૬૨, ૪૬૭ થી ૪૭૬, ૪૮૦ થી ૫૦૦, ૫૦૫ થી ૫૧૮, ૫૨૪ થી ૫૨૯, ૫૩૨ અને ૫૩૩ તથા મોજે: ટુંકીગામના રે.સ.નં.૨૭ નો સમાવેશ થાય છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ હેઠળ બનાવેલ નિયમોનાં નિયમ-૨૬ ના પેટા નિયમ-૩ ની જોગવાઈઓ મુજબ હું આથી તમામ હિત ધરાવતી વ્યક્તિઓ ને અથવા ઉપરોક્ત નગર રચના યોજનાઓમાં સમાવિષ્ટ કોઈપણ બાબતથી અસર પામેલી - વ્યક્તિઓને જાણ કરું છું કે તેઓએ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૫૨ (બાવન)માં જણાવેલી બાબતોના સંબંધમાં ગુજરાતનાં રાજ્યપત્રમાં આ અધિસૂચના પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસની અંદર પોતાના વાંધાઓ કે સૂચનો હોય તો તે લેખિત રીતે જરૂરી, પુરાવા અને દસ્તાવેજો સાથે મારી સમક્ષ રજુ કરવા.

ઉપરાંત નગર રચના યોજનાઓની દરખાસ્તોથી જે જે વ્યક્તિઓની મિલકત અગર હક્ક કે હિત ધરાવતી વ્યક્તિઓને નુકશાન થતું હોય તેવા નુકશાન બાબત કોઈપણ વ્યક્તિ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૮૨ અનુસાર નુકશાની માંગવા હકદાર હોય તેમણે પોતાના દાવાની વિગતો આ અધિસૂચના પ્રસિધ્ધ થયાની ૩ (ત્રણ) માસની અંદર નીચે સહી કરનાર નગર રચના અધિકારીને જરૂરી દસ્તાવેજો અને પુરાવાઓ સહિત લેખિતમાં મોકલી આપવા.

સરકારશ્રીએ મંજુર કરેલી મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૧૭(ફુલપાડા) તથા નં. ૧૮(કતારગામ)ની નકલ, જરૂરી તમામ દસ્તાવેજો, પત્રકો, નકશાઓ વિગેરે જોવા માટે રજા ના દિવસો સિવાય તમામ દિવસોએ કચેરીના સમય દરમ્યાન નગર રચના અધિકારીની કચેરી માં ખુલ્લી રાખવામાં આવેલી છે. અને જમીનમાં હિત ધરાવતી તમામ વ્યક્તિઓને અને નગર રચના યોજનાની દરખાસ્તોથી અસર પામેલ કોઈપણ વ્યક્તિને નીચે જણાવેલ કચેરીમાં યોજના જોવાની તથા યોજનાની દરખાસ્તો સમજાવવા માટેની વ્યવસ્થા કરવામાં આવી છે.

નં.નરયો/સુરત-૧૭-૧૮/અનર/૧૩૨૦.
સુરત.
તા. ૨૬-૧૨-૯૨.

( જી. એલ. પટેલ )
નગર રચના અધિકારી,
નગર રચના યોજના
સુરત નં.૧૭ (ફુલપાડા)તથા
નં.૧૮ - કતારગામ.

સરનામું.

નગર રચના અધિકારીની કચેરી,
નગર રચના યોજના સુરત નં.૧૭(ફુલપાડા)
તથા નં.૧૮ (કતારગામ)
મ્યુનિસિપલ બિલ્ડીંગ, ૧ લા માળે,
ખાનગી શેરીના નાકે, ઝાંપાબજાર મેઈન રોડ,